eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 226
April 30, 2010

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તાર માં હીજડાવાડ સર્કલ બાલાપીર દરગાહ થી નવસારી બજાર સર્કલ સુધી રૂદરપુરા ખાડીમાં આવેલ ઝુંપડાઓ સ્ટ્રોર્મ ડ્રેઈનના કામ માં નડતર રૂપ હોવાથી રૂદરપુરા ખાડી વિસ્તારમાં આવેલ ૫૪૭ ઝુપડાવાસીઓ ને મોજે કોસાડ, એચ–૧ બ્લોકમાં જે એન એન યુ આર એમ – બી એસ યુ પી, અંતર્ગત સુરત શહેરી વિસ્તારમાં શહેરી ગરીબોની આવાસ યોજના હેઠળ સ્થળાંતર કરી બે રૂમ, રસોડાના આવાસની ફાળવણી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

સુરત શહેરમાં વિકાસ કામોમાં નડતરરૂપ, જાહેર માર્ગો તથા જાહેર પ્લોટ ઉપરની ઝુંપડપટ્ટીઓ શીફટીંગ કરવાની કાર્યવાહી અવિરત ચાલુ છે. સાઉથઝોન (ઉધના) માં સુરત–નવસારી રોડ ખટોદરા જંકશનથી રીંગરોડથી સોસીયો સર્કલ જતા માર્ગની વચ્ચે કેનાલ કોરીડોર આવેલ છે. આ કેનાલ કોરીડોર ઉપર તુલસીનગર અને કલ્યાણનગર નામે ઓળખાતી વર્ષો જુની ઝુંપડપટ્ટી આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વેસ્ટ ઝોન(રાંદેર) ની કામગીરી

તાપી નદી કિનારે આવેલ સ્લમ વસાહતોમાં વસવાટ કરતા શહેરી ગરીબોને સુરક્ષીત પાકા મકાન આપવા અંગેની કાર્યવાહીના ભાગ રૂપે ફાઈનલ ટી.પી.સ્કીમ નં. ૧૦ (અડાજણ) માં સ્વામિનારાયણ મંદિર થી બદ્રીનારાયણ મંદિર સુધીના ૨૪ મી. પહોળાઈના ટી.પી. રસ્તામાં આવેલ મેનાનગર ઝુંપડપટ્ટીના આશરે ૩૦૦ જેટલા ઝુંપડાવસીઓને પબ્લીક ડ્રો થકી આવાસો ફાળવવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તાર માં હીજડાવાડ સર્કલ બાલાપીર દરગાહ થી નવસારી બજાર સર્કલ સુધી રૂદરપુરા ખાડીમાં આવેલ ઝુંપડાઓ સ્ટ્રોર્મ ડ્રેઈનના કામ માં નડતર રૂપ હોવાથી રૂદરપુરા ખાડી વિસ્તારમાં આવેલ ૫૪૭ ઝુપડાવાસીઓ ને મોજે કોસાડ, એચ–૧ બ્લોકમાં જે એન એન યુ આર એમ – બી એસ યુ પી, અંતર્ગત સુરત શહેરી વિસ્તારમાં શહેરી ગરીબોની આવાસ યોજના હેઠળ સ્થળાંતર કરી બે રૂમ, રસોડાના આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. સ્થળ ઉપર ૫૪૭ ઝુંપડાવાસીઓના મકાનો દૂર કરી આશરે ૪૦૦ મી.ની લંબાઈમાં ૬૯૦૦.૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. જેનાથી સ્ટ્રોર્મ ડ્રેઈન નાંખતાં નવસારી બજારમાં ચોમાસાની સીઝનમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા હલ થઈ શકશે. તથા સદર સ્ટ્રોર્મ ડ્રેઈન ની ઉપર રસ્તો બનતાં ટ્રાફિક ની સમસ્યા પણ હલ થશે.

ઉપરોકત કામગીરી ૨૨૫ પોલીસ સ્ટાફ ની મદદ થી તથા પૂર્વ ઝોન, અઠવા ઝોન, નોર્થ ઝોન, સેન્ટ્રલ ઝોન ના દબાણ સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ ની મદદ થી સફળતા પૂર્વક કામગીરી પાર પાડવામાં આવેલ છે.સદર સ્થળાંતર અને ડીમોલીશનની કામગીરીમાં ૨(બે) પોકલેન્ડ, ૬ (છ) જે.સી.બી. મશીન તથા ૨(બે) લોડર તથા ૩૦ (ત્રીસ) ટ્રક ની વ્યવસ્થા કરવામાં આવેલ.

TOP

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

સુરત શહેરમાં વિકાસ કામોમાં નડતરરૂપ, જાહેર માર્ગો તથા જાહેર પ્લોટ ઉપરની ઝુંપડપટ્ટીઓ શીફટીંગ કરવાની કાર્યવાહી અવિરત ચાલુ છે. સાઉથઝોન (ઉધના) માં સુરત–નવસારી રોડ ખટોદરા જંકશનથી રીંગરોડથી સોસીયો સર્કલ જતા માર્ગની વચ્ચે કેનાલ કોરીડોર આવેલ છે. આ કેનાલ કોરીડોર ઉપર તુલસીનગર અને કલ્યાણનગર નામે ઓળખાતી વર્ષો જુની ઝુંપડપટ્ટી આવેલ છે.

હાલમાં સુરત શહેરમાં બી.આર.ટી.એસ. પ્રોજેકટનું કામ મકકમ ગતીએ હાથ ધરવામાં આવેલ છે. જે પ્રોજેકટમાં ઉપરોકત જણાવેલ કેનાલ કોરીડોરનો પણ મહત્વનાં રૂટ તરીકે સમાવેશ થાય છે. આ પ્રોજેકટ શરૂ થવાની તૈયારીમાં હોય, પ્રોજેકટમાં નડતરરૂપ તુલસીનગર અને કલ્યાણનગર ઝુંપડપટ્ટીઓના શીફટીંગની કાર્યવાહી ઉધના ઝોન ધ્વારા જાહેર રજાનાં રવિવારના દિવસે હાથ ધરવામાં આવેલ છે.

બાયોમેટ્રીક સર્વે મુજબ આ ઝુંપડપટ્ટીમાં કુલ્લે ૧૩૮૮ ઝુંપડપટ્ટીઓનો સર્વે થયેલ છે. જે સર્વે મુજબ યોગ્ય પુરાવાઓની ચકાસણી કરી આશરે–૯૦૦ ઝુંપડાઓની યાદી ફાઈનલ કરેલ. જે મકાનોને ડ્રો કરી ઉધના ઝોન વિસ્તારમાજ નજીકમાં બમરોલી અને ભેસ્તાન વિસ્તારમાં વૈકલ્પિક આવાસની ફાળવણી કરવામાં આવેલ. આજ રોજ આ ઝુંપડાઓ તથા અન્ય બિનઅધિકૃત ઝુંપડાઓ અને દુકાનો મળી કુલ્લે આશરે ૧૧૦૦ થી વધુ ઝુંપડાઓનાં મકાનો સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. અને આશરે ૨૪૦૦૦ ચો.મી. થી વધુ જગ્યાનો કબ્જો ખુલ્લો કરેલ છે.

ઉપરોકત કામગીરી માટે ઉધના ઝોનનો તમામ ટેકનીકલ સ્ટાફ તથા આશરે ૨૨ થી વધુ ટ્રક, ૧૨ થી વધુ જે.સી.વી. વાહનો, એક પોકલેન મશીન જેવા વાહનો, લિંબાયતઝોનનની બે ટીમો તથા શહેર પોલીસ કંટ્રોલ રૂમ માંથી મોટી સંખ્યામાં ઉપરી પોલીસ અધિકારીઓ સહિત પોલીસ સ્ટાફ મદદમાં મળેલ અને સુરત મહાનગરપાલિકાની સીકયોરીટી સ્ટાફ પણ મદદમાં મળેલ. આજ રોજ આ કામગીરી સફળ રીતે પુર્ણ કરેલ છે.

TOP

## વેસ્ટ ઝોન(રાંદેર) ની કામગીરી

તાપી નદી કિનારે આવેલ સ્લમ વસાહતોમાં વસવાટ કરતા શહેરી ગરીબોને સુરક્ષીત પાકા મકાન આપવા અંગેની કાર્યવાહીના ભાગ રૂપે ફાઈનલ ટી.પી.સ્કીમ નં. ૧૦ (અડાજણ) માં સ્વામિનારાયણ મંદિર થી બદ્રીનારાયણ મંદિર સુધીના ૨૪ મી. પહોળાઈના ટી.પી. રસ્તામાં આવેલ મેનાનગર ઝુંપડપટ્ટીના આશરે ૩૦૦ જેટલા ઝુંપડાવસીઓને પબ્લીક ડ્રો થકી આવાસો ફાળવવામાં આવેલ છે. જે પૈકી મોટાભાગના લાભાર્થીઓ ધ્વારા સ્વૈચ્છિક રીતે તથા કેટલાક કિસ્સાઓમાં મહાનગરપાલિકાના વાહનનો ઉપયોગ કરી તેઓને ફાળવેલ પાકા આવાસોમાં સ્થળાંતર કરેલ છે. આ ઝુંપડપટ્ટીઓમાં આવેલ કોમર્શીયલ હેતુ સર વપરાતી જગ્યાઓને ફાળવણી કરવામાં આવેલ નથી. જેથી હવે સ્થળ પર કાચા–પાકા બાંધકામ દુર કરી નિયત આયોજન/હેતુ મુજબનો રસ્તો બનાવવાનુ ં કામ ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે.

આ ઝુંપડાવાસીઓને જે પાકા ઈ.ડબલ્યુ.એસ. આવાસો ફાળવવામાં આવેલ છે તે દરેક ઘરમાં સંડાસ–બાથરૂમ સાથે પાણીનું કનેકશન, લાઈટ વિગેરે સુવિધા ઉપરાંત પાકા ડામરના રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ભુગર્ભ ગટર લાઈન સહિતની પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં આવેલ છે. આ મકાનોની સામે લાભાર્થીઓને ૧૦ વર્ષ સુધી માત્ર રૂા. ૩૫૦/–ના સરળ માસિક હપ્તા ભરવાની સવલત કરી આપવામાં આવેલ છે. વધુમાં પાકા સુરક્ષીત મકાનમાં શીફટ થવાથી નદીમાં વખતો વખત ઉત્પન્ન થતી પૂર અને પૂર જેવી પરિસ્થિતિથી થતા નુકશાન તેમજ પૂરની માનસિક તાણમાંથી પણ આ પરિવારોને હવે રાહત રહેશે. વધુમાં સ્વામિ વિવેકાનંદ બ્રીજથી સ્વામિનારાયણ મંદિર થઈ રામજી ઓવારા સુધીનો ૨૪ મી.નો રસ્તો પુરેપુરી પહોળાઈમાં ખુલ્લો થવાથી રાહદારીઓ તેમજ ટ્રાફિકના વહન માટે ખુબ સરળતા રહેશે.

TOP